**જન્મદિને વધામણી**



**નરેન્દ્ર ડી રાવલ**
પૂર્વ પ્રમુખ
શ્રી તપોધન બ્રાહ્મણ મહાસભા
મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯



**દેવ ત્રિવેદી**
મો. ૯૪૨૬૫ ૮૪૮૪૦

## ઉમા સમાજ ભવન, ગાંધીનગર ખાતે
# મેડિકલ-રક્તદાન કેમ્પ યોજાયો







કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના ઉપક્રમે અખિલ ગાયત્રી પરિવાર, ગાંધીનગર અને વી કેર ફાઉન્ડેશનના સહયોગથી ઉમા સમાજ ભવન હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદની કેન્સર નિદાન માટે નિષ્ણાત ડૉક્ટર્સની ટીમે હોદ્દેદારો અને મહેમાનોની ઉપસ્થિતિમાં ૨૫૦ મહિલાઓની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી કેમ્પની શરૂઆત કરી હતી, જેમાં ૧૯૦ મહિલાઓનો પેપ ટેસ્ટ, ૨૦૫ મહિલાઓની મેમોગ્રાફી અને સંજવની રથ દ્વારા ૧૨ મહિલાઓને જરૂરિયાત જણાતાં આગોતરી જાણકારી માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કેન્સર પીડિત દર્દીઓ માટે ઈન્સ્ટીટ્યુટની રક્તદાન મોબાઈલ વાન દ્વારા સમાજના ભાઈ-બહેનોએ માનવસેવાર્થે ૫૫ બોટલ રક્તદાન કરી અમૂલ્ય મહાદાનનો લાભ લીધો હતો, જેની સમાજે પ્રશંસા કરી હતી. ગર્ભાશ, સ્તન અને ગાયનેક નિદાન કેમ્પમાં ગાયત્રી હોસ્પિટલના નિષ્ણાત ગાયનેક ડૉ. રત્નેશ પટેલ અને ડૉ. મનિષાબેન પટેલે માર્ગદર્શન આપી બહોળી સંખ્યામાં મહિલાઓ લાભ લઈ નિદાન કેમ્પમાં વિના સંકોચે જોડાય તે માટે આયોજક સંસ્થાઓના સહયોગથી પ્રશંસનીય કામગીરી બજાવી હતી. નિદાન કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ભરતભાઈ બી પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલે ગાયત્રી પરિવારના પ્રમુખ કે ડી ગોહિલ, પીએમ પટેલ, ગોવિંદભાઈ પટેલ, વી કેરના પ્રમુખ જે સી પટેલ, ટ્રસ્ટી રાજુભાઈ પટેલ, ઓડિટર ડાહ્યાભાઈ વાછાણી, ઉપપ્રમુખ-સહમંત્રી, ખજાનચી ગણેશભાઈ પટેલ, ટ્રસ્ટી અશોકભાઈ પટેલ-વકીલ સહિત ગાયત્રી પરિવારના સ્વયંસેવક ભાઈ-બહેનો તતા કેમ્પમાં સતત હાજરી આપી સેવા આપનાર ઉમા સમાજના પ્રમુખ મનુભાઈ, મેનેજર સહિત અન્ય સ્ટાફ ઉપરાંત કારોબારીના સેવકો વિષ્ણુભાઈ (બાપજી), કે કે પટેલ સહિત ઉમા મહિલા વિકાસ મંડળની તમામ સેવાધારી મહિલાઓ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ માટે રંગોળી, મહેંદી તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તથા રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઝરમર વરસાદ વચ્ચે પણ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું તેમજ ગરબાની રમઝટ બોલાવી હતી. વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા બક્ષી હતી. પ્રિન્સિપાલ ડૉ. કે જી છાયાના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિ દ્વારા કાર્યક્રમના આયોજન માટે જહેમત ઊઠાવવામાં આવી હતી. સ્પર્ધા તથા રાસ-ગરબાને અંતે વિજેતાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ૪૧૮૯ જગ્યાઓ માટે ઉમેદવારોની શોધ
# કારકુન વર્ગ-૩ માટે આજે સ્પર્ધાત્મક પરીક્ષા
### રાજ્યવ્યાપી લેખિત પરીક્ષા ૩૩ જિલ્લાના કુલ ૧૯૫૯ કેન્દ્રો પર લેવાશે : કુલ ૬.૭૬ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે : સૌથી વધુ અમદાવાદ અને સૌથી ઓછા ઉમેદવારો ડાંગ જિલ્લામાં

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યભરમાંથી કુલ ૬.૭૬ લાખ નોકરીવાંચ્છુકો રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત સચિવાલય-બિન સચિવાલય કારકુન વર્ગ-૩ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપવા જઈ રહ્યા છે. રાજ્યનાં તમામ જિલ્લા મથકો પર કુલ ૧૯૫૯ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા લેવાઈ રહી છે.

ગૌણ સેવા પસંદગી મંડના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે ૧૬ ઑક્ટોબરના રોજ રાજ્યભરમાં વર્ગ-૩ ક્લાર્કની સીધી ભરતી માટે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં કુલ ૬.૭૬ લાખ શિક્ષિત બેરોજગાર ઉમેદવારો પરીક્ષા આપશે. ગૌણ સેવા દ્વારા આયોજિત પરીક્ષામાં રાજ્યમાં તમામ ૩૩ જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે. કુલ ૧૯૫૯ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવશે. સૌથી વધુ ૩૦૧ કેન્દ્રો અમદાવાદમાં અને સૌથી ઓછાં ૮ કેન્દ્રો ડાંગમાં ફાળવવામાં આવ્યાં છે. ભરતી બોર્ડે મોટા પાયે થનાર પરીક્ષાને લઈ સીસીટીવી ધરાવતી શાળાઓમાં જ કેન્દ્રોની ફાળવણી કરી છે, જેથી પરીક્ષામાં પારદર્શિતા જાળવી શકાય. ગૌણ સેવા દ્વારા જ બે દિવસ અગાઉ જ ભરતીની કુલ સંખ્યામાં ૧૦૭૦ વધુ જગ્યાઓનો ઉમેરો કરતાં કુલ ૪૧૮૯ જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા બપોરે ૧૨થી ૨ કલાક દરમિયાન યોજાશે. પેપર કુલ ૨૦૦ ગુણનું રહેશે, જેમાં ગુજરાતનો ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, ગુજરાતી, અંગ્રેજી વ્યાકરણ, ગુજરાત અને ભારતના વર્તમાન પ્રવાહો, સામાન્ય વિજ્ઞાન, રિઝનીંગ ઍબિલિટી, કમ્પ્યુટર, જાહેર વહીવટ જેવા વિષયો સમાવિષ્ટ કરાયા છે.

રાજ્યવ્યાપી સચિવાલય-બિન સચિવાલય ક્લાર્ક વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષા અંગે મંડળે પણ તમામ પ્રકારની તૈયારીને આખરી ઓપ આપી દીધો છે. પરીક્ષા કામગીરીમાં શાળાના કર્મચારીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓ ફરજ અદા કરશે. પરીક્ષા કેન્દ્ર પર કોઈ અનિચ્છનીય ઘટના કે બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે. પરીક્ષાને લઈને ઈન્ટરનેટ સેવા બંધ રાખવાની વાતને ગૃહમંત્રીએ પરિપત્ર કરી નકારી કાઢી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. રાજ્યવ્યાપી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તેવી તમામ તકેદારી મંડળ લઈ રહ્યું છે.

**ડાયરેક્ટ ❤ સે**

क्यों डरे कि ज़िंदगी में क्या होगा?
हर वक़्त क्युं सोचे कि बुरा होगा?
बढ़ते रहें मंज़िलो की ओर हम-
कुछ भी न मिला तो क्या?
तजुर्बा तो नया होगा!

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
ઍમ ઍસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
ઍમ ઍસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
ઍમ ઍસ ધોની
૩.૧૫, ૯.૩૦

# પૂ. ઈન્દિરાબેટીજીની ભાવાંજલિ સભા ૨૨ ઓક્ટોબરે યોજાશે



ગાંધીનગર, તા. ૧૫

વૈષ્ણવ સમાજના આદરણીય પરમ વિદુષી પૂ. ઈન્દિરા બેટીજીનું તા. ૩૦મી સપ્ટેમ્બરે દુઃખદ નિધન થવા પામ્યું છે. વિશ્વભરમાં ધર્મ, સંસ્કૃતિ માનવ કલ્યાણ કાર્યો, જનસેવા, સાહિત્ય સેવા જેવા અગણિત સત્કાર્યોની સુવાસ ફેલાવનાર મમતામયી સ્વ. ઈન્દિરાબેટીજીની ભાવાંજલિ સભા તા. ૨૨મી ઓક્ટોબર, શનિવારે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ કલાકે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવી છે. આ સભામાં હાજરી આપવા ગાંધીનગરના સે. ૨૧થી સભાસ્થળે જવા બપોરે ૫ કલાકે નિઃશુલ્ક બસ વ્યવસ્થા રાખવામાં આવી છે જે સભા પુરી થયે ગાંધીનગર પરત ફરશે. આ ભાવાંજલિ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા શહેરના વૈષ્ણવોને ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે
# બાળ સુરક્ષા યોજના વિષયે કાર્યક્રમ યોજાયો



જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના આંગણે સરકાર-નાગરિક સંગઠનોની સહભાગીદારીથી ચાલતી સંકલિત બાળ સુરક્ષા યોજના વિશેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળ સુરક્ષા અધિકારી રાજલબેન ગજેશ, સિનિયર ઍડવોકેટ પરેશભાઈ જોષી, પૅરાલિગલ વૉલન્ટીયર સુધીરભાઈ દેસાઈ, રાજુભાઈ પટેલ, સીતારામભાઈ પટેલ, જિગીષાબેન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ અંતર્ગત બાળકોને મળતી કાનૂની સેવા તથા તેના રક્ષણ વિશેની માહિતી, બાળમજૂરી, ગરીબ બાળકો, કુપોષિત બાળકો, બાળ વિવાહ અંગેના કાયદાની સમજ બાળકોને આપવામાં આવી હતી. આ ઉપરાંત આરટીઈ ઍક્ટ (૬થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવું) તે બાબતે પણ માહિતી આપવામાં આવી હતી. સીતારામભાઈ પટેલે ધર્મ અને કાનૂન વચ્ચેના ભેદની સમજ આપી હતી.

કાર્યક્રમના અંતે વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા ઉપસ્થિત અતિથિઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા આજે

ગાંધીનગર, તા. ૧૫

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા રવિવારે યોજવામાં આવી છે.

ટ્રસ્ટના પ્રમુખે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરની તેરમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૬ ઑક્ટોબર ને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે નગરપાલિકા ભવન, ડિસ્ટ્રીક્ટ કૉર્ટની પાછળ, સૅક્ટર-૧૧, ગાંધીનગર ખાતે મળશે. આ સાધારણ સભામાં હાજર રહેવા સર્વ સભાસદ મિત્રોને તેમણે અનુરોધ કર્યો છે.

# ગુજરાત દિપોત્સવી અંક-૨૦૭૨નું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરાયું




ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતી સાહિત્યમાં શીરમોર એવા માહિતી વિભાગના ઉત્તમ પ્રકાશન ગુજરાત દીપોત્સવી અંક-૨૦૭૨નું શુક્રવારે વિમોચન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની કલા, સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ અને સામાજિક વારસાને સુપેરે પ્રતિબિંબ કરતાં ગુજરાત દીપોત્સવી અંકમાં સાહિત્ય અને સંસ્કારસભર યાત્રામાં લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો નીવડેલી કલમે નવીન વિચારો, નવીન અભિવ્યક્તિ, નવીન ચિંતન દ્વારા સાહિત્ય સ્વરૂપો પ્રસ્તુત કરી પોતપોતાની કલમ પ્રસાદીનું આચમન કરાવી રહ્યા છે. ગુજરાત દીપોત્સવી અંકના પાંચ વિભાગોમાં સાહિત્યના અભ્યાસલેખો, નવલિકા, નાટિકા, વિનોદિકા અને કાવ્ય વિભાગો દ્વારા ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો જેવા કે ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, જોરાવરસિંહ જાદવ, ભગવતીકુમાર શર્મા, મહંમદ માંકડ, વર્ષા અડાલજા, વિનોદ ભટ્ટ, રઘુવીર ચૌધરી, ચંદ્રકાંત શેઠ જેવા ઉત્તમ સાહિત્યકારોની કૃતિઓ ઉપરાંત નયરનમ્ય તસવીરોથી આ અંક દળદાર બન્યો છે. અંકના વિમોચન પ્રસંગે માહિતી પ્રસારણ અને મુખ્યમંત્રીશ્રી સચિવ અશ્વિનીકુમાર, માહિતી નિયામક એ. જે. શાહ, અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ, સંયુક્ત માહિતી નિયામક પુલકભાઈ ત્રિવેદી તથા માહિતી પ્રસારણ વિભાગના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ દીપોત્સવી અંકની છૂટક નકલની કિંમત રૂ.૪૦ છે. અંક જિલ્લા માહિતી કચેરીઓ, પ્રાદેશિક માહિતી કચેરી તેમજ માહિતી નિયામકની કચેરી, ગાંધીનગરની પ્રકાશન શાખા દ્વારા વેચાણથી વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકાશે.

## બાવળાના કાણોતર ગામની સીમમાં
# કૂવામાં પડેલા અજગરને વનવિભાગની ટીમે બચાવ્યો





બાવળા તાલુકાના કાણોતર ગામની સીમમાં ઋષીરાજસિંહ વાઘેલાના ખેતરમાં આવેલ કુવામાં અરજગર પડી ગયો હોવાની જાણ અમદાવાદ વન વિભાગને થતા તેમની ટીમ કાણોતર ગામ દોડી આવી હતી. રેસ્ક્યુ ટીમના રેસ્ક્યુ ઈન્ચાર્જ અનિરૂદ્ધસિંહ ઝાલા તથા ટીમ મેમ્બર જયદિપ મહેતા, જીગર પટેલ, બુધાજી ઠાકોર દ્વારા અરગરને કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ટીમના જયદિપ મહેતાએ જણાવ્યુ હતુ કે, કુવામાં અરજગર પડ્યો હોવાનો અમદાવાદ વન વિભાગના હેલ્પ લાઈન નંબર પર ફોન આવતા વન વિભાગની ટીમ કાણોતર ગામ પહોચી હતી. દોઢ કલાકની ભારે જહેમત બાદ કુવામાં પડેલ અજગરને સુરક્ષીત બહાર કાઢ્યો હતો અને વિરમગામ તાલુકાના કાજીપુર ગામની સીમમાં અરજગરને કુદરતી વાતાવરણમાં છોડવામાં આવ્યો હતો. અજગર જોવા મળે તો લોકોએ અજગરને નુકશાન ન પહોચાડવું જોઈએ. અજગર કોઈ મુશ્કેલીમાં હોય તો વન વિભાગને તાત્કાલીક જાણ કરવી જોઈએ એવી અપીલ વન વિભાગ દ્વારા કરવામાં આવી છે.